ઔષધના માઈક્રોઈમલ્ઝન સ્વરૂપ દ્વારા

એઈડ્સની દવાનું આંતરડામાં થતું શોષણ દસ ગણું વધારી શકાયું

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,બુધવાર

એઈડ્સ સામે રક્ષણ પુરૂં પાડતી સાકિનાવિર નામની દવાની એક મોટી ખામી એ છે કે આંતરડામાં એનું અલ્પ શોષણ થાય છે.એમ.એસ.યુનિવર્સિટીના અધ્યાપકો સુજર્યાનારાયણ મંડળ તેમજ કૃતિકા કે.સાવંત, અને ઓરિસ્સાના અધ્યાપિકા સ્નિગ્ધા એસ. મંડળે અત્રેની બરોડા કોલેજ ઓફ ફાર્મસી ખાતે 'ઔષધિય સંશોધનમાં નવીનતા' વિષે યોજાયેલા બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં રજુ કરેલા એવોર્ડવિજેતા સંશોધનપત્ર 'ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઓફ સકિનાવિર માઈક્રોઈમલ્ઝન ફોર ધ ઓરલ બાયોઅવેલિબિલીટી એન્હેસમેન્ટમાં આમ જણાવાયું છે.સંશોધકોએ આંતરડામાં રહેલરા પી.-ગ્યાલકોપ્રોટિન નામના મહત્વનાં પ્રોટિન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દવાના અલ્પ શોષણ માટે આ પ્રોટિન જવાબદાર છે. આ દવાનું અંતિમ સ્વરૂપ માઈક્રોઈમલ્ઝન રીતે બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેથી એ આંતરડાના અલ્પ શોષણને અતિક્રમી જઈ શકે. આ સ્વરૂપ છ મહિના સુધી સ્થાયી રહે છે, જયારે એનું આંતરડામાં શોષણ દસ ગણું વધી જાય છે.

બરોડા કોલેજ ઓફ ફાર્મસીના અધ્યાપિકા ભૂમિકા પટેલ તથા એમ.એસ. યુનિવર્સિટીના અધ્યાપક આર સી મશરૂએ રજૂ કરેલા ડીટરમિનેસન ઓફ આર્ટેઝુનેટ એન્ડ અમોદિયાકિવન ઈન સોફટ જિલેટિન કેપ્સુલ ફોર્મ્યુલેશન બાય યુઝીંગ યુવી સ્પેકટ્રો ફોટોમેટ્રિક મેથડ' વિષેના એવોર્ડ વિજેતા અન્ય સંશોધનપત્રમાં મેલેરિયા સામે વપરાતી આર્ટેસુનેટ નામની દવાને આધુનિક ટેકનોલોજીનું દ્રષ્ટાંત ગણાવી ઉમેરાયુ છે કે આ દવાના વિશ્લેષણ માટે કોઈ પધ્ધતિ હજી સુધી અમલમાં નહોતી.સંશોધકોએ આધુનિક ટેકનોલોજી દ્વારા આ પધ્ધતિ સંશોધિત કરવાનો પ્રયત્ન કર્યો છે. અનેક વિશ્લેષણોના આધુનિક પરિમાણો સાથે આ પધ્ધતિ ખરી ઉતરે છે.

એવોર્ડ વિજેતા તૃતીય સંશોધનપત્ર બરોડા કોલેજ ઓફ ફાર્મસીના એ.કે. તિવારી, ભોપાળના રામટેક એસ.અને દાહિમા આર.તેમજ વડોદરાના સન ફાર્મા ઈન્ડસ્ટ્રીઝ લિ.ના આર.કે. શુકલે રજુ કર્યું હતુ. આ પેપરનું શિર્ષક હતુ. એઉડ્રાજિટ કોટેડ પેકિટન બીડસ ફોર કોલોન સ્પેસિફિક ડીલીવરી : સંશોધકોએ સાટ્રાનિડાઝોલ નામની કૃમિ અને આંતરડાના રોગો સામે વપરાતી દવાને, આંતરડા સુધી સીધી જ પહોંચે એવું સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. પેકિટન નામના એક બીડની મદદથી આ સ્વરૂપ સફળતાપૂર્વક વિકલ્યું છે. જેના લાભરૂપે દવા સીધી જ આંતરડામાં પહોંચીને અસર કરી છે.

'સિલેકશન એન્ડ ઓપ્ટિમિઝેશન ઓફ પ્રોસેસ વેરિએબલ્સ ફોર ધ લેબ સ્કેલ આઈસોલેશન મેથડ ઓફ કેલ્શિયમ સેનોસાઈડ ફ્રોમ સેના લીફલેટસ' વિષેનું સંશોધનપત્ર ચતુર્થ એવોર્ડ વિજેતા રજુઆત હતુ. મહેસાણાના પી.ટી. પરમાર, ટી.બી. પરમાર અને સી.એન.પટેલે, ખેરવાના અધ્યાપક સી.એન.પટેલ સાથે સંયુક્તપણે તૈયાર કરેલા ઉપરોક્ત સંશોધનપત્રમાં સોનામુખી પાનામાંથી અર્કરૂપે કાઢવામાં આવતી અને કબજિયાત ઉપાયરૂપે વપરાતી સેનોસાઈડ નામની દવા, પાનમાંથી વધુ પ્રમાણમાં કેવી રીતે બહાર કાઢી શકાય એ વિગે પ્રકાશ ફેક્યો છે. રસાયણો ઉપરાંત ઠંડી - ગરમીનું પ્રમાણ તેમજ ઘટકો મિશ્ર કરવાની પધ્ધતિઓમાં ફેરફાર કરીને પાનમાંથી દવાનું ઉત્પાદન પાંચ ટકા જેટલું વધારી શકાય છે.

પારૂલ કેમ્પસમાં યોજાયેલી ઔષધિય પરિષદમાં સમાજોપયોગી સંશોધનપત્રોની રજૂઆત